ચાર મૂર્ખો.

જગતના કવિયોમાંનો એક કહેછે કે જે પ્રમાણે બીજાઓ આપણને જુએછે તે પ્રમાણે આપણે પોતાને જોવા જોઇએ. આથી આપણને ફાયદો થાય કે ન થાય, પણ બેશક આ વાત આપણે જાણવી જરૂર છે કે દેવની નજરમાં આપણે કેવા દેખાઇએ છીયે. માણસો આપણા વિશે શું ધારે છે તે હલકી વાત છે. તેઓ આપણાં વખાણ કરવામાં અથવા આપણને અપરાધી ઠરાવવામાં ઉતાવળા હોય પણ તેઓનાં વખાણ અથવા તેઓનો ઠપકો માત્ર થોડો વખત ટકે છે. દેવ જોડે જે આપણું કામ છે તે બિલકુલ જુદી વાત છે. તેના વિચારો સદાકાળ લગણ પહોંચે છે, તેની કૃપા એ સ્વર્ગ છે અને તેનો ક્રોધ એ નરક છે. " મારા વિશે દેવ શું કહે છે "? એ હરેક જણને વાસ્તે એક લાયક સવાલ છે.

ચાર માણસ છે કે જેઓ સંબંધી દેવે પોતાના પવિત્ર શાસ્ત્રમાં લખ્યું છે કે તેઓ મૂર્ખ છે. તેમની તરફ બરોબર રીતે નિગાહ કરો, અને તેઓની મૂર્ખાઇથી નહાસો રખે અનંતકાળ સુધી એ નામની છાપ તમારાપર પડે; હું ચાહું છું કે તારણ વિશે તમે જ્ઞાની થાઓ.

નાસ્તિક.

" મૂર્ખે પોતાના હૃદયમાં કહ્યું છે કે દેવ નથી. "
ગીત. ૧૪, ૧.

" આકાશો દેવનો ગૌરવ વર્ણવે છે; ને અંતરિક્ષ તેના હાથોનાં કામ પ્રસિદ્ધ કરે છે." હરેક માણસની જાતી પ્રેરક બુદ્ધિ તેના વિશે સાક્ષિ પૂરે છે. બહારથી કુદરતનો અવાજ અને અંદરથી પ્રેરકબુદ્ધિનો અવાજ સરખો છે; એક અવાજ દેવના પરાક્રમ અને ગૌરવ વિશેનું વર્ણન કરે છે અને બીજો અવાજ માણસને કહે છે કે તું તેને જવાબદાર છે.

એક નિંદકે એક આરબને તેના તંબુના દરવાજા આગળ નિમાજ કરતો જોઇને પુછ્યું કે " દેવ છે એ તમે શી રીતે જાણોછો ?" આરબે જવાબ આપ્યો કે " ગઇ રાતે મારા તંબુ પાસે થઇને એક ઉંટ નહિ પણ એક માણસ ગયો એ મને સાથી માલમ પડ્યું ? હું તેનાં પગલાંથી તેને ઓળખું છું, પછી કીબલાજી પશ્ચિમ જ્યાં આગના દરિયામાં સૂરજ આથમતો હતો ત્યાં આંગળી કરીને તેણે કહ્યું કે "ત્યાં દેવનાં પગલાં છે."

કહેવાયલા નાસ્તિક લોકોનો મોટો ભાગ જુઠાણુને આશ્રો આપનાર છે. બેચેન પ્રેરકબુદ્ધિથી પોતાને છુપાવવાને લોકો જુઠાણુમાં આરામ સોધે છે. બહારનાં સવરૂપ દુર કરિયે તો આ સત્ય વાત છે. તેઓ મનમાં પોતાનાં પાપને વાસ્તે દુ:ખી છે અને તેઓને માલમ પડેછે કે, જો અમારાં પાપનો જવાબ આપવાને અમે દેવના ન્યાયાસનની આગળ ઉભા રાખવામાં આવિયે તો શિક્ષાથી કોઈ

જો અમે બચી શકિયે નહિ. આવી પોતાની હાલત દેવની આગળ કબુલ કરવાને બદલે અને ગુનેહગાર પાપીઓને વાસ્તે જે મહાભારત ઈલાજ તેણે કર્યો છે તેને કબુલ કરવાને બદલે તેઓ પોતાને એમ મનાવે છે કે દેવ નથી અને એ પ્રમાણે પોતાની જાગરૂત થયેલી પ્રેરક બુદ્ધના અવાજને ગુંગળાવી નાખે છે. તેઓએ પોતાના હ્રદયમાં કહ્યું છે કે દેવ નથી એટલે સુધી કે કદાસ તેઓએ પોતાના મૂર્ખ હ્રદયને આ વાત માનવાને મનાવી લીધું છે.

કેવી મૂર્ખાઇ ! શાહમૃગ મૂર્ખાઇનો એક કાયમ નમુનો છે. મેદાનમાં જ્યારે તે નાસે છે અને પોતાના દુશ્મનોને પોતાની આવતા જુએ છે ત્યારે તે રેતમાં પોતાનું માથું સંતાડી દેછે અને એમ ધારે છે કે હું મારા દુશ્મનોને જોઇ શકતું નથી માટે મારા દુશ્મનો મને જોઇ શકતા નથી. જે માણસ દેવના ડરથી અને તેને મળવાને પોતાની નાલાયકીના કારણથી પોતાના મનને એમ મનાવે છે કે દેવ નથી તે માણસની વર્તણુક આ જનાવરના જેવી છે.

ઠઠ્ઠાખોર.

૨. "મૂર્ખ લોક પાપની ઠઠ્ઠા કરે છે" દષ્ટાં. ૧૪; ૯. નાસ્તિકોની વર્ગ કરતાં આ એક મોટી વર્ગ છે. નાસ્તિકો થોડા અને દૂર દૂર છે પણ ઠઠ્ઠાખોરોનું કુટુંબ મોટું છે

અને તે વધતું જાય છે. પાપના ભયંકરપણા અને ધિક્કાર વિશેનો કંઈપણ વિચાર બેઈમાનોમાં આપણને ક્યાંથી મળી શકે ? એને બદલે શું પાપ તેમની આગળ એક રમુજી અને ગમત ભરેલી વાત થઈ નથી પડી ? અફસોસ છે કે જે ભયંકર અને શ્રાપિત પાપે આ જગતમાં આંસુ, દિલગીરી, દુઃખ, તંગી, વાંક, મરણ અને નરકની ફરક તરેહવાર જાતનાં દુઃખને આણ્યાં છે તે પર હસી થાય છે, તેની મશ્કરી કરવામાં આવે છે અને તેના વિશે છેક હલકા વિચાર ધારવામાં આવે છે. ઇશ્વર વિશેની કોઈ વાત અથવા તેના વચનમાંથી કોઈ વાત લઇને તે ઉપર મશ્કરીની ટીકા ચલાવો અને જુઓ કે લોકોને કેવા ગમત પડે છે ! એ ઠઠ્ઠાખોરોનો સ્વાભાવ છે; અને જે માણુસને દેવ મૂર્ખ કહેછે તેને કોણ ન્યાય ઠરાવશે ?

એક જુવાન માણુસ એક ગામડામાં ખુલી જગ્યાએ ઉપદેશ કરતો હતો. તે કહેતો હતો કે ખ્રીસ્ત આ જગતમાંથી તમામ ઇમાનદારોને લેવા આવનાર છે અને તેઓ લઇ જવામાં આવશે ત્યારપછી દેવના ક્રોધનો પ્યાલો અધર્મિયો પર રેડાશે. એજ વખતે પાસેના પીઠામાંથી દારૂનું ગ્લાસ હાથમાં લઇને એક માણુસ આવ્યો. તીરસ્કારથી હસીને તેણે તે ગ્લાસ પોતાને હોઠે લગાડયું અને કહ્યું કે " હું દેવના ક્રોધનો પ્યાલો પીઉંછું, " એ શબ્દો બોલતાંજ તે ઉપદેશ કરનારના પગ આગળ પડી મરણ પામ્યો, અને એક આંખના પલકારામાં હઠ્ઠાખોરના અનંતકાળમાં પ્રવેશ પામ્યો.

જગતી અથવા સંસારી માણસ.

૩. " ને તેણે તેઓને દૃષ્ટાંતે કહ્યું કે, એક ધનવાન માણસની જુંઇની ઘણી ઉપજ થઈ. ને તેણે મનમાં વિચાર કરીને કહ્યું કે, હું શું કરૂં કેમકે મારી ઉપજ ભરી મુકવાને મારે જગ્યા નથી. ને તેણે કહ્યું કે હું આમ કરીશ, મારી વખારોને હું પાડી નાખીશ, ને તે કરતાં મોટી બંધાવીશ, ને ત્યાં મારી બધી ઉપજ તથા મારી મિલકત હું ભરી મુકીશ. ને હું મારા જીવને કહીશ કે, ઓ જીવ, ઘણાં વરસ લગી ઘણી મિલકત તારે સારૂ રાખી મુકેલી છે, આરામ લે, ખા, પી, આનંદ કર. પણ દેવે તેને કહ્યું કે, ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી પાછો માગી લેવાશે, ત્યારે જે તેં સિદ્ધ કર્યું છે તે કોણનું થશે? જે પોતાને સારૂ દ્રવ્ય એકઠું કરેછે, ને દેવની ગમ ધનવાન નથી, તે તેના જેવો છે. લુક. ૧૨; ૧૬–૨૧.

આ માણસના ઇતિહાસમાં કંઇ એવું નથી માલમ પડતું કે જેથી આપણે જાણીએ કે તે નાસ્તિક અથવા ઠઠ્ઠાખોર હતો પણ તે એક ત્રીજા અને મોટા વર્ગમાંનો હતો. એમ માલમ પડેછે કે તે એક આબરૂદાર ખેડુત હતો. કંઇ અનિતી અથવા વાંકનો બટો તેનાપર મુકવામાં આવ્યો નથી અને જે કંઇ થોડું તેના વિશે આપણે જાણીએ છિયે તેપરથી માલમ પડે છે કે તે એ દેશમાં એક મોટો સભ્ય માણસ હતો. ત્યારે દેવ તેને મૂર્ખ કેમ કહેછે?

કારણ એ હતું કે તે પોતાજ વિશે વિચાર કરતો હતો અને દેવને વિસરતો હતો. આ જગતને વાસ્તે તેણે સારો બંદોબસ્ત કર્યો અને આવતી દુનિયાં વિશે કંઇ વિચાર ન કર્યો, પોતાના મનને આ કાળની વાતોથી ભરપૂર કરીને સદાકાળની મહા જરૂરની વાતોને તેણે વિસારી. તે એક આબરૂદાર સંસારી માણુસ હતો.

આજકાલ હજારો લોક છે કે જેઓ આ મૂર્ખ શ્રિમંત માણુસની જીંદગીનો અનુભવ પોતાના જીવનમાં કરે છે. તેઓ પોતાના કામપર ધ્યાન આપે છે, સારો ફાયદો મેળવવાને હરેક તકનો લાભ લેછે. પણ જો કે તેઓ જાણેછે કે એક ક્ષણુ તેઓની સર્વ આશા તથા ઉમેદને બરબાદ કરી શકે છે તો પણુ જાણે કે તેઓએ લાંબી જીંદગી ભોગવવાને હક્ક મેળવ્યો હોય તેમ તેઓ આ દુનિયામાં ભવિષ્યનું સુખ મેળવવાને સર્વ પ્રકારે બંદોબસ્ત કરેછે.

આ જગતમાં ફતેહ અને સુખ મેળવવાં એ તેઓની જીંદગીનો હેતુ અને સાર માલમ પડે છે, અને જાણે કે તેઓને કંઈ પાપ ના લાગ્યું હોય, અને મરણુ, સદાકાળની અવસ્થા, કે કેદ નાહોય તેમ તેઓ વરતે છે. જો અનંતકાળ એ એક સ્વપ્ન હોય અને દેવનું વચન ફક્ત કલ્પિતજ હોય તો આ જગતમાં ફતેહ અને સુખ મેળવવામાં તેઓ પોતાનું દિલ લગાડે તો તે ડહાપણુનું કામ કહેવાય,

પણ જો આ વાતો ખચિતાખચિત છે તો જગતના કામ અને વિચારોને દિલમાં મુખ્ય જગ્યા આપવી એ કેટલી મોટી મૂર્ખાઈ છે! અનંતકાળ, પોતાના ઉત્તમ અનંત સુખસહિત, અથવા અવાચ્ય દિલગીરી સહિત, તમારી આગળ છે. અનંતકાળ! એની બેહદ લંબાઇને કોણ માપી શકે? તેનાં અસંખ્ય વરસોને કોણ ગણી શકે? જો પાંચ મહાસાગરને એક ચાહના પ્યાલામાં લાવી શકાય તો અનંતકાળને પણ આપણાં હદવાળાં મનની અંદર ઘાલી શકાય. અનંતકાળનું અસ્તિત્વ એ એક મોટી અને અજાયબ ખરી વાત છે. એક બહેરી અને મુંગી છોડીએ પોતાની સ્લેટપર આ સવાલ લખ્યો કે "અનંતકાળ એટલે શું?" એનો જવાબ તેણીએ નિચે લખ્યો કે—

"અનંતકાળ એ દેવનું આયુષ્ય છે."

ખ્રીસ્ત વગરના દુનિયાદારી માણસોને વાસ્તે કેવો ચમકવાનો વખત આવે છે! આ દૃષ્ટાંતમાં જે માણસની વાત આવે છે તે પોતાનું અનાજ ભેગું કરે છે, નફો ગણે છે, પોતાની સફળતાપર આનંદ કરે છે, ઇલાજ, યુક્તિ અને ઠરાવ કરે છે અને તેને એથી વધારે સારા દિવસોનાં સ્વપ્નાં આવે છે પણ એટલામાં ગરજનાના ધડાકાની માફક ભયંકર અવાજ તેનાપર આવે છે કે—"મૂર્ખ".

મિત્ર તમારી શી હાલત છે ? કદાચ તમારી મૂર્ખાઇ નાસ્તિક અથવા ઠઠ્ઠાખોરની મૂર્ખાઈ સરખી ન હોય પણ શું તમે આ ઇજતદાર દુનિયાદારી માણસના સરખા છો ! ધંધારોજગાર અને એશઆરામના કારણથી શું દેવની સતવાતો તમારા દિલમાંથી નીકળી ગઈ છે ? મારૂં કહેવું એ નથી કે તમે તમારા કામમાં ગલફત કરો અથવા પોતાનો ધંધો રોજગાર છોડીદો; સર્વ ફરજો જે દેવે આપણે વાસ્તે આ જગતમાં ઠરાવી છે તે ઉપર લક્ષ દેવું એ વાજબી છે; પણ જે કોઈ પોતાના આત્મા અને તારણની બાબતમાં ગલફત કરી ફક્ત આ જગતનાં વાનાંપર ધ્યાન આપે છે તે એક મૂર્ખ માણસનું લક્ષણ જાહેર કરે છે. હું તમારી વિનંતી કરૂં છું કે તમારા ઉત્તમલાભો તરફ આવી બેપરવાઇની હાલતમાં વધારેવાર ન રહો, તમે વારંવાર આ સવાલ પોતાને કર્યો છે કે, મારે પોતાને ખુશી કરવાને શું કરવું જોઇએ ? મારા ધંધારોજગારમાં વધારે ફતેહમંદી મેળવવાને મારે શું કરવું જોઇએ ? શું ખરા દિલથી અને પુરી આસ્થાથી પોતાને આ સવાલ પુછવાનો આ લાયક અવસર નથી કે "હું તારણ પામવાને શું કરૂં ?

આ સવાલનો જવાબ દેવના વચનને આશરે આપવાને પ્રયત્ન કરવા પહેલાં ચોથી જાતના મૂર્ખો વિષે હું થોડી વાત કહીશ.

જે ત્રણ વર્ગના લોકોનું વર્ણન કર્યું તેમાંથી કાઇ પણ વર્ગમાં દાખલ ના હોય અને તે છતાં તારણ નાપામેલા હોય એવા ઘણા લોક હોઈ શકે છે એ વાત સંભવિત છે. તેઓ નાસ્તિક, ઠઠ્ઠાખોર કે નીશ્ચિંત દુનિયાદારી લોક નથી. તેઓ જાણે છે કે તેઓને એવા આત્મા છે કે જે અનંત હાલતને તાળે છે અને તેઓ તારણ પામવા ચાહે છે. તેઓ વારંવાર પોતાના આત્મા વિશે ફીકર કરે છે અને કોઇ કોઈ વખત પોતાનાં પાપને વાસ્તે અતિ ખેદીત થાય છે અને મરણ પેહેલાં તારણ પામવાની આશા રાખે છે એવા માણસો ચોથી વર્ગના છે.

અવિશ્વાસી.

"ઓ મૂર્ખો તથા જે ભવિષ્યવાદીઓએ કહ્યું છે, તે સર્વપર વિશ્વાસ કરવાને જડબુદ્ધિના" લુક ૨૪; ૨૫. આ મોટામાં મોટો અને બહોળબહળ વર્ગ છે; ખરૂં જોતાં બાકીના લગભગ બધા લોક આ વર્ગમાં આવી જાય છે. હવે આ એક સાદી વાત આપણે શીખવી કે દેવની નજરમાં મૂર્ખ બનવાને જરૂર નથી કે આપણે નાસ્તિક, ઠઠ્ઠાખોર, અથવા નિશ્ચિંત દુનિયાદારી પણ હોઈયે. બસછે જો કોઈ દેવની વાતને ન માને, એટલે દેવની વાતને જે નથી માનતો તે મૂર્ખ છે.

અવિશ્વાસીની મૂર્ખાઇ વિશે હું વાત કરૂં ત્યાર પેહેલાં

દેવે જે કહ્યું છે તે શીખવામાં થોડો વખત ખરચો- ધિમેથી અને વિચારથી નિચેની કલમો વાંચો.

"અને જેમ મુસાએ રાનમાં સર્પને ઉંચો કીધો, તેમ માણુસના પુત્રને ઉંચો કરવો જોઇએ કે જે કોઈ તે પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ અનંત જીવન પામે. કેમકે દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો એ સારૂ કે જે કોઇ તે પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે. કેમકે જગતને અપરાધી ઠરાવવા સારૂ દેવે પોતાના દીકરાને જગતમાં નથી મોકલ્યો, પણ એ માટે કે તેનાથી જગતનું તારણ થાય." યોહાન. ૩. ૧૪—૧૭.

"આ વાત વિશ્વાસુ તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે ખ્રીસ્ત ઇશુ પાપીઓને તારવાને જગતમાં આવ્યો, તેઓમાં હું મુખ્ય છું. "૧ તીમો. ૧; ૧૫

"કેમકે આપણે બળહિન હતા, એટલામાં ઠરાવેલે સમયે અધર્મીઓને સારૂ ખ્રીસ્ત મરણ પામ્યો. હવે ઘણું કરીને ન્યાયને સારૂ કોઇ મરે નહિ, પરોપકારીને સારૂ તો કોઇ એક કદાપી મરવાને છાતી ચલાવે. પણ દેવ આપણાપર પોતાનો પ્રેમ એમ પ્રગટ કરે છે કે આપણે પાપી હતા તેટલામાં ખ્રીસ્ત આપણે સારૂ મરણ પામ્યો." રોમી. ૫. ૬—૮.

હું તમને ખચીત ખચીત કહું છું કે જે મારાં વચન સાંભળે છે ને મારા મોકલનાર પર વિશ્વાસ કરે છે તેને અનંત જીવન છે; ને તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યોછે. ”યોહાન ૫;૨૪.

ખોવાએલા પાપીઓ, અધર્મીઓ, અને જેઓને પોતાની મદદ કરવાને અથવા પોતાનું તારણ કરવાને બળ નથી એવાઓનો તારનાર ઇશુખ્રીસ્ત છે. એની સાક્ષીને વાસ્તે અગણિત કલમોમાંથી આ ઉપરની માત્ર થોડી કલમો છે. તે તારણ આપવાને આવ્યો; તારણ સંપૂર્ણ કરવાને તે વધસ્તંભ પર મરણ પામ્યો. આ અદભૂત કામ થવાથી દેવનો મહિમા પ્રગટ થએલો છે અને ખોવાએલા પાપીઓને માટે અનંત આશીર્વાદ સિદ્ધ થએલો છે માટે દેવ પાપોની માફી અને અનંત જીવન પ્રગટ કરે છે; તે પ્રાર્થના, આંસુ, ધર્મ સંસ્કાર અથવા કોઈ પ્રકારની કરણીથી નથી મળી શકતાં પણ પ્રભુ ઇશુખ્રીસ્ત પરના વિશ્વાસથી તે મળે છે. “ને તેના વિશે સઘળા ભવિષ્યવાદીઓ સાક્ષી આપે છે કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે.” પ્રેરિ. ૧૦; ૪૩.

અવિશ્વાસને વાસ્તે કાંઇ બ્હાનું નથી હોઇ શકતું. સર્વ કામ સંપૂર્ણ કરવાને દેવે પોતાના દીકરાને આપ્યો છે

એટલુંજ નહિ પણ એ વાતની ખાતરી કરી આ-વાને માટે તેણે પોતાનું શાસ્ત્ર આપણને આપ્યું છે. ક્રિયાં સંપૂર્ણ થએલું કામ અને લખાએલું શાસ્ત્ર છે. ખ્રીસ્ત મને તારવાને વાસ્તે આવ્યો અને વૃધસ્તંભપર મારે વાસ્તે મરણ પામ્યો એ વાત હું માનું છું અને તારણ પામ્યો છું. હું તારણ પામ્યો છું એવું મને લાગે છે માટે હું તારણ પામ્યો છું એમ નહિ પણ દેવ એમ કહે છે માટે એ વાતપર હું વિશ્વાસ કરૂં છું. ઈશુની જીંદ-દગીનાં કામોનો અદભૂત ઇતિહાસ અને તેના મારે મૃ-ત્યનો એથી વિશેષ અદભૂત હેવાલ જે સુવાર્તિકોએ લ-ખેલો છે તે ઉપર નિગાહ કરો અને બાપનો એકાકીજણી-તના મહિમાથી વેષ્ટીત થએલા આ શબ્દો જ્યારે તમો વાંચો ત્યારે યાદ રાખો કે "ઇશુખ્રીસ્ત, દેવનો દીકરો છે, એવો તમે વિશ્વાસ કરો, ને વિશ્વાસ કરીને તેના નામથી તમે જીવન પામો માટે આ લખેલાંછે. "યોહાન ૨૦;૩૧.

દેવનાં છોકરાંનો વિશ્વાસ એક નાજુક તાંતણાપર આ-ધાર નથી રાખતો પણ તેનો આધાર આકાશની ગાદીના જેવા દઢ અને મજબુત પાયાપર રહેલો છે. ફક્ત એકજ વાત આ દુનિયામાં છે જે બદલાતી નથી અને બદલાનાર નથી. વિકાર અને નષ્ટતા સર્વ સૃષ્ટ વસ્તુઓપર લખેલાં છે પણ આ ધાલમેલ અને વિકારીપણાના દેખાવની મધ્યે વિશ્વાસીને દેવનું વચન અવિકારી માલમ પડે છે એટલે

ા છે તેમજ માલમ પડે છે. સેતાને તેને નુકસાન કરવાને, તેનો નાશ કરવાને અને તેમાં મીશ્રણ કરવાને પ્રયત્ન કર્યાં છે. કહેવાએલા ઈલમી માણસોએ નાપાક હાથોથી તેને પકડીને તેના ટુકડા કરવાને પ્રયત્ન કર્યાં છે. બેઈમાનોએ પોતાના તર્કોથી તેને તુચ્છ કર્યું છે. પણ તે આ બંડખોર દુનિયામાં દેવના મોટા સાક્ષી તરિકે કાયમ છે અને જ્યારે આકાશ અને પૃથ્વી વિતી જશે ત્યારે પણ તે કાયમ રહેશે. સેતાની માણસોથી એક પાનું દૂર કરવામાં આવ્યું નથી, એક પણ લીટી ભુસી નાંખવામાં આવી નથી, અને એક પણ શબ્દ તેમાં ખુટતો નથી "કેમકે પ્રભુનું વચન સદાકાળ ટકે છે, ને જે વચન તમને સુવાર્ત્તાથી પ્રગટ કરાયું તેજ એ છે." ? ૧ પીતર ૧; ૨૫.

વાહાલા સાચી મુસાફર, તમારા અને મારા વિશ્વાસને વાસ્તે આ કેવી આરામની જગ્યા છે. દેવની સત્ય વાતપર શક લાવવાને શું તમારે કંઈ કારણ છે? "દેવ માણસ નથી કે તે જુઠું બોલે?" એક ગભરાએલી સ્ત્રીએ દિલગીરીથી એક દેવના સેવકને કહ્યું કે "ઓ સાહેબ હું માની નથી શકતી, હું માની નથી શકતી." તેણે શાંતપણાથી જવાબ આપ્યો કે "કોણ છે કે જેની વાત તમે નથી માની શકતાં?" આ સવાલે તેને ઠેકાણે આણી અને દેવની વાત ન માનવામાં કેવું ભયંકર પાપ છે તે તરફ તેની આંખ ખોલી.

દેવને જુઠો ઠરાવવાની ભયંકર જવાબદારી પોતા- માથાપર હોરી લેવાની શું તમને હિમત છે? આ કે... ગંભીર વિચાર છે! "જે દેવપર વિશ્વાસ કરતો નથી તેણે તેને જુઠો પાડ્યો છે, કેમકે દેવે પોતાના પુત્ર વિશે જે સાક્ષી આપી છે તે સાક્ષીપર તે વિશ્વાસ કરતો નથી. અને આ સાક્ષી એવી છે કે દેવે આપણને અનંત જીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે" ૧ યોહાન ૫: ૧૦, ૧૧.

દેવ અવિશ્વાસીને નાસ્તિક, ઠઠ્ઠાખોર અને બેપરવા દુનિયાદાર માણસ સંગાતે ગણે છે અને મૂર્ખના નામની છાપ તેનાપર મારે છે.

હે મીત્ર હું તારી વિનંતી કરૂં છું કે તું તારી મૂર્ખાઇમાં ઝાઝીવાર ના રહે. દેવનું વચન જે તેના પુત્ર વિશેનું છે તે કબુલ કર. તારા અંતઃકરણમાં તે પર વિશ્વાસ કર કેમકે જેમ અસલના વારામાં તેમ હાલ પણ ઈશુ ખ્રીસ્તપરના વિશ્વાસથી તારણને સારૂ જ્ઞાન આપવાને તે શક્તિમાન છે. ૨ તીમો. ૩; ૧૫. આ વાત માનવામાં ખરૂં ડહાપણ છે. પ્રખ્યાત પાઠશાળાઓમાં ભણી કોઇ માણસે પોતાનું મગજ જ્ઞાનથી ભર્યું હોય, સર્વ ઇલ્મ તે ભણેલો હોય, પૃથ્વીનું વજન તે કરી શકે અને તારાઓની ઉંચાઇ તે બતાવી શકે તો પણ

તે જીંદગીનો રસ્તો ના જાણુતો હોય અને જો તે તારણુ વિશે ગ્નાની ન હોય તો તેને તેનું સર્વ ગ્નાન હોવા છતાં તે એક મોટા મૂર્ખ સિવાય બીજો કોણુ હોઇ શકે? દેવની સ્તુતી હો કે આ પ્રભુનો માર્ગ એવો સાફ છે કે એક મુસાફર માણુસ જો કે તે મૂર્ખ હોય તોપણુ તેમાં ભૂલ ન ખાય.

હવે જેઓ નાસ્તિક, ઠઠ્ઠાખોર કે દુનિયાદારી નથી પણુ જેઓ દેવની કૃપાએ કરી તેના પુત્રપર વિશ્વાસ કરવાને દોરાએલા છે તેઓને મારે એક વાત કહેવી છે. ૧ કરી. ૪; ૧૦ મી કલમમાં પાઉલ શું કહે છે? "ખ્રીસ્તને લીધે આમે મૂર્ખા છિએ."

આ એક મૂર્ખાઇ છે કે જેમાં વાંક કહાડવાનો નથી પણુ જે ચાહાવા લાયક છે. જેમ જેમ ખ્રીસ્તને વાસ્તે બહાર પડીશું તેમ તેમ જગત આપણી વધારે મશ્કરી કરશે અને જુવાન ખ્રીસ્તીઓની વારંવાર અજમાએશ થાય છે. જ્યારે લોકો પોતાનાં મેહેણાં અને મશ્કરીઓથી તમને દુઃખ દે છે ત્યારે હમેશાં આ બે શબ્દોને યાદ કરો કે **"ખ્રીસ્તને વાસ્તે."** જેમ તમારી લાગણી વધારે હશે તેમ આ શબ્દો તમને વધારે કિમતીવાન થઇ પડશે. **ખ્રીસ્તને વાસ્તે** તમારા ઝંડાને કદિ નિચે ના ઉતારો અને તેના નામની બેઇજત ના કરો. તમારા પર જે

તેનો પ્યાર તેપર હમેશાં આહાર કરો અને ખ્રીસ્તને વા મૂર્ખ થવા તમે મહિમા માનો. તરેહવાર રિતભાત રાખવાની અથવા જુદી જાતના પોશાક પહેરવાની કંઇ જરૂર નથી. વિશ્વાસથી તમારા હૃદયોમાં ખ્રીસ્તને રાખો અને તેના નામને કબુલ કરવાથી ના શરમાઓ. જો તમારૂં હૃદય ખ્રીસ્તથી ભરેલું હોય તો ગમે તો તમે થોડું કે વધારે બોલો તોપણ તેની સ્તુતીને વાસ્તે સદા તમારો પ્રકાશ જાહેર થશે. જગતની નજરમાં મૂર્ખ થવાની ઉમેદ રાખો અને એક દેવના સેવકે કહ્યું છે તે યાદ રાખો કે “જો કોઈ માણસ રસ્તાપર મૂર્ખનો ડગલો પેહેરવા ખુશી ન હોય તો તે આકાશમાં જવાને લાયક નથી.”

ત્રીએક ધન્યતા તેઓને કે જેઓ “તારણ સંબંધી બુદ્ધિવાન છે”; કેમકે દેવે કહ્યું છે કે “જેઓ સમજુક તેઓ અંતરાળના પ્રકાશ જેવા, ને જેઓ ઘણાઓને ન્યાયી કરે છે તેઓ તારાઓના જેવા સદા સર્વકાળ સુધી પ્રકાશશે.”

સમાપ્ત.